**– : નમૂનો – અ : –**

| |
|---|
| **વિરમગામના મહે. બીજા એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની કોર્ટમાં, તા. વિરમગામ, જી.અમદાવાદ** |
| **ચુકાદાની તા. ૦૧/૧૨/૨૦૨૨** <br> **ફોજદારી કેસ નં.: ૧૧૫૩/૨૦૨૨** <br> **આંક : ૧૪** |
| **ગુન્હાની વિગત** |

| | |
|---|---|
| ગુન્હાની કલમઃ | જુગાર ધારાની કલમ – ૧૨(અ) |
| પ્રથમ માહિતી અહેવાલ નં.: | પાર્ટ–બી ગુના રજી. નં. ૧૧૧૯૨૦૬૦૨૨૦૧૧૭/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન : | વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન |
| ફરિયાદ પક્ષ : | શ્રી સરકાર |
| ફરિયાદ પક્ષ તરફે | વિ. એ.પી.પી.શ્રી એ. કે. સોલંકી |
| આરોપી : | **ફીરોજ કાદરભાઈ તાઈ,** <br> ઉ.વ.૩૫, ધંધો : મજુરી, <br> રહે.: ઝંડાની મસ્જીદ, તાઈવાડા, વિરમગામ. |
| આરોપી તરફે | વિ. વકીલ શ્રી કે.આર.પંડયા |

**– : નમૂનો – બ : –**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૩/૦૪/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૩/૦૪/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ |
| તહોમતનામું / પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૨/૧૧/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૧/૧૧/૨૦૨૨ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૨૪/૧૧/૨૦૨૨ |
| ચુકાદાની તારીખ | ૦૧/૧૨/૨૦૨૨ |
| સજાના હુકમની તારીખ | – |

<u>આરોપી ની વિગત :–</u>

| ક્રમ . | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જમીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસૂરવાર | શું સજા કરી | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ફીરોજ કાદરભાઈ તાઈ | ૨૩/૦૪/૨૦૨૨ | ૨૩/૦૪/૨૦૨૨ | જુગાર ધારાની કલમ–૧૨(અ) | નિર્દોષ | – | – |

**<u>– : નમૂનો – ક : –</u>**

**<u>: : સાહેદોનું લિસ્ટ : :</u>**

**<u>અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :</u>**

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧. | ૦૯ | આકાશભાઈ કનુભાઈ ઠાકોર | પંચ સાહેદ |
| પી ૨. | ૧૧ | વિષ્ણુભાઈ લાલાભાઈ ઠાકોર | પંચ સાહેદ |
| પી ૩. | ૧૨ | રમેશભાઈ ગણેશભાઈ | ત.ક.અમલદાર |

**<u>: : દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ : :</u>**

**<u>બ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજ</u>**

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૦ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૨. | ૧૩ | ફરીયાદ |

**– : : ચુ કા દો : : –**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે.

(૨) આ કામના આરોપીએ તા.૨૩/૦૪/૨૦૨૨ ના કલાક ૧૪:૦૦ વાગ્યે, તાલુકે વિરમગામના મોજે કરકથલ ગામે, તળાવ ઉપર, જાહેરમાં ચકી કુદીનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડી, એક કાગળના પીળા કલરના ચાર્ટ ઉપરથી રૂા. ૮૪૦/– તથા અંગ જડતીમાંથી રોકડ રકમ રૂા. ૧૧૭૦/– તથા ચાર્ટ કિંમત રૂા. ૦૦/– મળી કુલે રૂા.૨૦૧૦/– ના મુદામાલ સાથે પકડાઈ જઈ, જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે. જેથી ફરિયાદીએ તેની સામે ધોરણસર થવા ફરિયાદ કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદના આધારે જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો ગુનો દાખલ કરી, આગળની કાર્યવાહી તપાસ કરનાર અમલદારને સોંપતા, તેઓએ પંચનામું કરી, બનાવ સબંધી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, મુદામાલ કબજે કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં ઈન્સાફી કાર્યવાહી થવા સારું આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૪) આ કામે આરોપીને સમન્સ બજી જતાં તેઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે અને આરોપીને પોલીસ પેપર્સની નકલો ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે વિનામુલ્યે પૂરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું નિવેદન લેતાં, આરોપીને ગુનો કબૂલ છે કે કેમ ? તેમ પુછતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપી વિરૂધ્ધ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે આરોપીનું ક્રિમિ. પ્રોસી. કોડ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપી તેમના વિશેષ નિવેદનમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે. તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી. પોલીસે તેમની પાસેથી કોઈ મુદામાલ કબજે કરેલ નથી. કામગીરી બતાવવા પોલીસે ખોટી ફરિયાદ કરી, ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૬) આ કામે અમોએ ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એ. કે. સોલંકીની તથા આરોપી તરફે વિ. વકીલશ્રી કે.આર.પંડયા ની દલીલો સાંભળેલ છે.

(૭) ફરિયાદ પક્ષના કેસની હકીકતને ધ્યાને લેતાં આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: : મુદ્દાઓ : :–**

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૩/૦૪/૨૦૨૨ ના કલાક ૧૪:૦૦ વાગ્યે, તાલુકે વિરમગામના મોજે કરકથલ ગામે, તળાવ ઉપર, જાહેરમાં ચકી કુદીનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડી, એક કાગળના પીળા કલરના ચાર્ટ ઉપરથી રૂા. ૮૪૦/– તથા અંગ જડતીમાંથી રોકડ રકમ રૂા. ૧૧૭૦/– તથા ચાર્ટ કિંમત રૂા. ૦૦/– મળી કુલે રૂા.૨૦૧૦/– ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, જુગાર ધારાની કલમ – ૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુ ક મ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

**–: : કા ર ણો : :–**

**મુદ્દા નં.૧ ::–**

(૯) આ કામે ફરિયાદ પક્ષે આંક–૦૯ થી પંચ સાહેદ આકાશભાઈ કનુભાઈ ઠાકોર ને તથા બીજા પંચ સાહેદ વિષ્ણુભાઈ લાલાભાઈ ઠાકોર ને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદર પંચ સાહેદો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમને બે ત્રણ લખેલાં કાગળમાં સહી કરવાનું કહેતાં તેઓએ સહીઓ કરી આપેલી. તેમાં શું લખેલ હતું તે તેઓએ વાંચેલ નહિ કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહિ. તેઓની રૂબરૂ કોઈને જુગાર રમતાં પકડેલ નથી તેમજ તેઓની રૂબરૂ આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. સહી સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી. આરોપીને તેઓ ઓળખતા નથી. પોલીસે તેમની રૂબરૂ

કોઈ કાર્યવાહી કરેલ નથી કે કોઈ વ્યકિતને તેમની રૂબરૂ જુગાર રમતાં પકડેલ નથી. ફરિયાદ પક્ષે આંક–૧૦ થી મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામું રજૂ કરેલ છે. જેમાં સદરહુ પંચ સાહેદો પોતાની સહી ઓળખી બતાવે છે.

(૧૦) સદરહુ પંચ સાહેદો આંક – ૧૦ થી રજૂ પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહુ પંચ સાહેદોને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર પંચ સાહેદોની ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ. વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં, સદરહુ પંચ સાહેદો આંક–૧૦ થી રજૂ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવતા નથી.

(૧૧) આમ, ઉપરોકત પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર પણ સમર્થન આપતા નથી. આ પંચ સાહેદો તેમની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતાં નથી અને પંચનામાની હકીકત કરતા તદ્દન વિરૂધ્ધનો પુરાવો આપેલ છે. જેથી તેમનો પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો નથી અને ફરિયાદ પક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૨) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૨ થી ત.ક.અમલદાર રમેશભાઈ ગણેશભાઈ ને સોગંદ ઉપર તપાસેલ છે. ત.ક.અમલદાર રમેશભાઈ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૩/૦૪/૨૦૨૨ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે, કરકથલ ગામે તળાવ ની પાળ ઉપર ખુલ્લી જગ્યામા એક ઈસમ ચકકી કુદીનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે. જેથી તુરંત જ બે રાહદારી પંચોને બોલાવી અને સદર હકીકતની સમજ કરેલ તેમજ અરસપરસ પંચો તથા પોલીસની અંગ ઝડતી કરતા, જુગારને લગતું કોઈ સાહિત્ય મળી આવેલ નહિ. જેથી પંચોને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતાં, એક ઈસમ કંઈક લખતો લખાવતો હતો. તેને કોર્ડન કરી પોલીસે પકડી પાડેલ અને પંચો રૂબરૂ તેનું નામ પૂછતાં પોતે પોતાનું નામ ફીરોઝ કાદરભાઈ તાઈ હોવાનું જણાવેલ. સદર ઈસમ ની અંગ ઝડતી તપાસ કરતા પીળા કલર નો ચાટ તથા રોકડ રકમ રૂા. ૨૦૧૦/– મળી આવેલ, જે કબજે લીધેલાં અને આ મતલબનું વિગતવારનું પંચનામું પંચો રૂબરૂ કરેલું અને સદર આરોપીને ધોરણસર અટક કરેલ અને પોલીસ સ્ટેશને લાવેલ અને રાજીવકુમાર કાંતીભાઈ નાઓએ આ અંગેની ધોરણસરની ફરિયાદ જાહેર કરેલી. જે ફરીયાદી આ કામે આંક–૧૩ થી રજૂ કરેલ છે, જેમાં તેઓ રાજીવકુમાર ની સહી ઓળખી બતાવે છે. ત.ક.અમલદાર તેની જુબાનીમાં વધુમાં જણાવે છે કે, ત્યાર બાદ પી.એસ.ઓ.શ્રીએ ગુનો નોંધી સદર ગુનાની આગળની તપાસ તેમને સોંપેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલાં. તપાસના અંતે આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

(૧૩) ત.ક.અમલદાર રમેશભાઈની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ ન હતાં. ત.ક.અમલદાર એ હકીકત કબૂલ રાખે છે કે, તેઓએ તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના જવાબો નોંધેલ નથી કે કહેવાતા બનાવ સ્થળની આજુબાજુના લોકોના પણ નિવેદન લીધેલ નથી. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં લોકોની અવરજવર રહે છે. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, આ કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, મુદ્દામાલ ચલણી નોટો કયા કયા દરની હતી તે હકીકત પણ ફરિયાદમાં જણાવેલ નથી. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવો જોતા ત.ક.અમલદાર ના કહેવા મુજબ ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં લોકોની અવરજવર રહે છે. તદઉપરાંત ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા છે તે હકીકત બીનતકરારી છે. પરંતુ આ કામે ગુનાવાળી જગ્યાએથી કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. જો આરોપી આ રીતે માનવ વસ્તીવાળા વિસ્તારમાં જાહેર જગ્યાએ જુગાર રમતાં હોય અને આ વિસ્તારમાં પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવે તો ત્યાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે. પરંતુ આ કામે ત.ક.અમલદાર ની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદોનું સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તદઉપરાંત આરોપી પાસેથી જે મુદ્દામાલ કબજે કર્યાનું ફરિયાદ પક્ષ જણાવે છે, તે મુદ્દામાલ જે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ હોવાનું ફરિયાદ પક્ષનો કેસ છે, તે પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતાં નથી અને ઉપર કહયું તેમ ફરિયાદ પક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું પુરવાર થતું નથી. આ પ્રકારની શંકાનો લાભ આરોપી પક્ષને મળવાપાત્ર છે. તદઉપરાંત આ કામે આરોપી મુદ્દામાલ રોકડ રકમ કલેઈમ કરતાં નથી તેવું આંક–૦૬ થી નો–કલેઈમ પુરસીસથી જાહેર કરેલ છે.

(૧૫) આ કામે ફરિયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર–તટસ્થ સાહેદોને તપાસેલ નથી. પોલીસ સાહેદની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદનું સમર્થન પ્રાપ્ત થતું નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **– : : આખરી હુકમ : : –**

(૧) આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબ મુદામાલ રોકડ રકમ આરોપી કલેઈમ કરતા નથી. જેથી સદર મુદામાલ પાવતીમાં જણાવેલ તમામ રોકડ રકમ અપીલ સમયે વિત્યે શ્રીસરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવો.

(૪) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૭(એ) અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૦૧ લી માહે – ડિસેમ્બર, સને – ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૧૨/૨૦૨૨
વિરમગામ.

(કમલેશ કિશનચંદ નાથાણી)
બીજા એડિ. જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિરમગામ, જિ.અમદાવાદ.
Code No.GJ 01449